# <u>પ્રેમ એટલે...</u>

કોઈ કહે છે,સાત દિવસ અને સાત રાતનું પેકેજ એટલે પ્રેમ....હુ કહું છુ,ચાંદની રાત,એક ઝૂલો અને હાથમાં તેનો હાથ એટલે પ્રેમ.કોઈ કહે છે,પેરિસની સાંજની ઝાકઝમાળ એટલે પ્રેમ....

હું કહું છું,કે એને અચનાક ભેટ આપું ને એના નયનોમાં જે ચમક આવે તે પ્રેમ કોઈ કહે છે,કાશ્મીરના બાગમાં સાથે ફરવું એટલે પ્રેમ...હું કહું છું,ચુપચાપ એકાદ ગજરો એના વાળમાં ટાંકી દેવો એટલે પ્રેમ....કોઈ કહે છે,ફેન્સી અને સ્ટાઈલીશ વસ્ત્રો પહેરીને પતિ સાથે ફરવું એટલે પ્રેમ...હું કહું છું ,તહેવારના દિવસે સજીધજીને તેયાર થયેલી પ્રિયાને આંખ ભરી જોવી એટલે પ્રેમ....કોઈ કહે છે,એને ગુલાબનો ગુરછો આપવો એટલે પ્રેમ...હું કહું છું,બધાના દેખતા એકાદ ક્ષણ ચોરીને તેને “સુંદર દેખાય છે તું” એમ કહેવું અને તે સાભળીને એના ચહેરાનું ગુલાબી થવું એટલે પ્રેમ..કોઈ કહે છે, એના સોંદર્ય પર કવિતા લખવી એટલે પ્રેમ...હું કહું છું,તે પિયર હોય ત્યારે પ્રત્યેક કવિતામાં એને જોવી એટલે પ્રેમ... કોઈ કહે છે,લાજશરમનો પડદો ભેદી એકમેકને જોઈ જાણી લેવા તે પ્રેમ...હું કહું છું,લગ્નના પચ્ચીસ વર્ષ પછી પણ ઉખાણામાં એનું નામ લેતાય શરમાવું એટલે પ્રેમ.

**ચોહાણ પાર્થવી પી.**
**બી.એ.સેમ-૪**